*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 15

## રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ



ચર્ચામાં શા માટે ?

રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ વિશે :-

ભોપાલ ગેસ દુર્ઘટના :-

**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-15નો**
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

**અમારી સાથે જોડાયેલા રહો :**

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110




- 1984 ની ભોપાલ ગેસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાં લોકોની સ્મૃતિ તરીકે ભારતમાં દર વર્ષે 2 ડિસેમ્બરના રોજ ‘રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ’ ઊજવવામાં આવે છે.

## રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ વિશે :-

- આ દિવસ ઊજવવાનો મુખ્ય ઉદ્દેશ પ્રદૂષણ અને તેના નિયંત્રણ વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.
- આ દિવસે પ્રદૂષણ નિયંત્રણ વિભાગે શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.
- રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસના મુખ્ય ત્રણ હેતુઓ નીચે મુજબના છે.
  (1) ઔદ્યોગિક આપત્તિઓને કેવી રીતે નિયંત્રિત અને સંચાલિત કરવી તે વિશે લોકોને શિક્ષિત કરવાં અને વધતા જતાં વાયુ પ્રદૂષણ વિશે લોકોને જાગૃત કરવાં.
  (2) પ્રદૂષણ નિયંત્રણના કાયદાઓનું મહત્ત્વ, પ્રદૂષણ નિયંત્રણની પદ્ધતિઓ અને પ્રદૂષણના સ્તર ઘટાડવા વિશે લોકોને જાગૃત કરવાં.
  (3) માનવીય બેદરકારીના પરિણામે ઉદ્‌ભવતાં ઔદ્યોગિક પ્રદૂષણને નિયંત્રિત કરવાં.
- ભારતના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પોર્ટલ (NHPI)ની માહિતી મુજબ વાયુ પ્રદૂષણના કારણે વિશ્વમાં દર વર્ષે 70 લાખ લોકો મૃત્યુ પામે છે.
- ઉપરાંત, આ પોર્ટલે જણાવ્યું છે કે, વિશ્વમાં હવાની પરિસ્થિતિ એટલી ખરાબ છે કે 10 માંથી 9 લોકોને સલામત હવા મળી શકતી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભોપાલ ગેસ દુર્ઘટના :-

- 2 ડિસેમ્બર, 1984 ની મધ્યરાત્રિએ ભોપાલમાં આવેલા યુનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિમિટેડ (UCIL) ના જંતુનાશક બનાવવાના પ્લાન્ટમાં એક ગેસ લીક થયો હતો. જેના કારણે હજારો લોકો મૃત્યુ પામ્યાં હતા.
- આ દુર્ઘટનાને વિશ્વની સૌથી મોટી ઔદ્યોગિક આપત્તિ માનવામાં આવે છે.
- આ દુર્ઘટનામાં મિથાઈલ આઈસોસાઈનેટ (MIC) ગેસ લીક થયો હતો.
- મિથાઈલ આઈસોસાઈનેટ એ રંગવિહિન, ઝેરી, આસું ગેસ અને જ્વલનશીલ રસાયણ છે.
- સૂક્ષ્મ પ્રમાણમાં પણ આ રસાયણ સાથેના સંપર્કથી છાતીનો દુ:ખાવો, ઉધરસ, અસ્થમા, આંખ-નાક-ગળામાં બળતરા અને ચામડીને નુકસાન થઈ શકે છે.
- વધુ પ્રમાણમાં આ રસાયણ સાથેના સંપર્કથી હેમરેજ, ન્યુમોનિયા અને મૃત્યુ પણ થઈ શકે છે.
- નોંધ:- રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસને રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિવસ પણ કહેવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT